

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

### સલામી સવારની..

*બાળ સફાઈમાં જોતરેને વેપારીને વેતરે છે*
*જૂઠા વાયદાને વચને ભોળી પ્રજાને મંતરે છે*
*ઘરમાં હાંડલાં કરે કુસ્તી, વિદેશીઓને નોતરે છે*
*સંસદ તો ઠીક હવે 'સુપ્રીમ'ને પણ છેતરે છે*

### હાઈકુ

*દ્વિમુગી કાગ -*
*બંધાયો બધી રીતે -*
*કોર્ટ સામસે*

*થયા મજાક!*
*રંજન ગોગોઈમાં*
*ભાષા ભવાડે !*

### ચિંતન

**માયાકાર્યૈસ્તિરો ભૂતો નૈષ આત્માનુભૂયતે ।**
**મેઘવૃંદૈર્યથા ભાનુસ્તથાયમહમાદિભિઃ ॥**

**ઉપરોક્ત શ્લોક તૈતરીય ઉપનિષદમાંથી લેવામાં આવેલ છે.**

**જેમ મેઘ મંડળની ઢંકાઈ ગયેલો સૂર્ય અનુભવાતો નથી, એમ આ આત્મા માયાનાં કાર્યરૂપ અહંકાર વગેરેથી ઢંકાઈ જવાથી અનુભવાતો નથી.**

**આત્મા ઈશ્વરનો અંશ જ છે પણ લોભ મોહ-માયા-મમતા-વાસનાઓ-ઈચ્છાઓ જેવાં આવરણથી ઢંકાઈ ગયો છે તેથી આત્મ તત્ત્વને આપણે જોઈ-ઓળખી શકતા નથી.**

**આ વાત સમજવા માટે અહીં વાદળો પાછળ ઢંકાયેલા સૂર્યનું ઉદાહરણ આપવામાં આવ્યું છે.**

### સુવિચાર

- મિટને સે મિલતા હૈ ખુદા... ખુદી મિટતી હૈ તો મિલતા હૈ ખુદા - **ફઝલ શેરખાન**
- રાગનો પ્રેમ છોડે તો પ્રભુનો પ્રેમ થાય અને આત્મા દેખાય - **પૂજ્ય મોટા**
- જો તમે સીધા ઊભા હો, તો તમારા વાંકા પડછાયાથી ડરો નહિ - **ચીની કહેવત**
- જો તમે વૃદ્ધ હો તો સલાહ આપો, જો તમે યુવાન હો તો સલાહ આપવી પડે એવો મોકો વૃદ્ધોને ન આપ્યો - **એસ. ભટ્ટાચાર્ય**
- માણસનું મન એ કુરુક્ષેત્ર જેવું છે. એમાં યુધિષ્ઠિર છે, ભીમ છે, દુર્યોધન છે, દુઃશાસન છે. એમાં દ્રૌપદી પણ વસે છે અને ગીતા પણ છે - **કનૈયાલાલ મુનશી**
- માણસમાં જો વિવેકજ્ઞાન ન હોય તો તેનામાં સદ્‌ગુણ આવી જ ન શકે - **સોક્રેટિસ**
- આજનું ઔષધ : ઈસબગોલ દહીમાં નાખીને ખાવાથી લુઝ મોશનમાં તરત ફાયદો થાય છે

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

એક યુવા મહિલા પત્રકારને લંડનના પ્રખ્યાત લેખક એચ.જી. વેલ્સનો ઈન્ટરવ્યુ લેવાનું એસાઈન્મેન્ટ આપવામાં આવ્યું. મહિલા પત્રકારની કારકિર્દીની શરુઆત હતી. આથી તેણે ઘણા બધા પ્રશ્નોની યાદી મહેનત કરી તૈયાર કરી. એપોઈન્ટમેન્ટ લઈ તે તેમના ઘરે પહોંચી. મોટા ગજાના પ્રખ્યાત લેખક ને મળવામાં તેને થોડી ગભરાહટ પણ થતી હતી. એચ. જી. વેલ્સ જયારે પોતાના મિત્રને પોતાનું મકાન બતાવી રહ્યા હતા. ત્યારે પત્રકાર ત્યાં પહોંચી. ત્રીજા માળે એક નાનો રૂમ બતાવતા તેમણે કહ્યું, 'આ મારો રૂમ છે.' એમના મિત્રએ કહ્યું, 'પરંતુ તમે નીચેના માળે બનેલા આવા શાનદાર રૂમનો ઉપયોગ તમારા બેડરૂમ માટે કેમ નથી કરતા.' એચ.જી. વેલ્સે કહ્યું, 'એ રૂમ મેં મારા નોકરાણી અને રસોઈયા અને સર્વન્ટ માટે રાખ્યા છે. આ ત્રણેય જણ છેલ્લા પચ્ચીસ વર્ષથી મારી સાથે છે.' પેલા મિત્રએ કહ્યું, 'સામાન્ય રીતે લોકો પોતાના રૂમ તથા રહેવાની જગ્યા ભવ્ય રાખે છે. અને પોતાના નોકર માટે સામાન્ય વ્યવસથા રાખે છે.' વેલ્સે કહ્યું, 'મિત્ર, મારા મકાન અને મારા દિલમાં આવી વ્યવસ્થા નથી કારણ કે હું બિલકુલ ભૂલ્યો નથી કે મારા માતા પણ એક સમયે એક ધનપતિને ત્યાં નોકરાણી હતા.' પેલી મહિલા પત્રકાર પણ આ ચર્ચા સાંભળી રહી હતી. તેને પણ વેલ્સના મનમાં સમાજના શ્રમિક વર્ગ માટે સન્માનનો ભાવની અનુભૂતિ થઈ. એના મનમાંથી ઈન્ટરવ્યુ પહેલાનો જ ડર હતો તે પણ પીંગળી ગયો. અને તેણે વેલ્સને મુક્ત મને સવાલો પૂછ્યા અને એક ઉત્તમ ઈન્ટરવ્યુ તૈયાર થયો.

# એનડીએના કાંગરા ખરવા લાગ્યા છે

**તંત્રીસ્થાનેથી...**

જમ્મુ અને કાશ્મીરથી લઈ આંધ્રપ્રદેશ અને તમિલનાડુ સુધી ફેલાયેલી એનડીએની માયાજાળમાં એક પછી એક બાકોરા પડતાં જાય છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કોંગ્રેસની આગેવાની વાળા યુપીએ - યુનાઈટેડ પ્રોગ્રેસિવ અલાયંસને લૂલું લુંગડું બનાવી દેવામાં કોઈ જ કસર રાખી નહોતી. છેક દક્ષિણના ગઢમાં જઈ બીમાર કરુણાનીધિના ખબર અંતર પૂછી આવ્યા હતા ત્યારે કોંગ્રેસ વિસામણમાં મુકાઈ ગઈ હતી. તૈયારી તો જયલલિતા અને કરુણાનિધિને 'ભારત રત્ન' આપી એનડીએને દક્ષિણ ભારતમાં મજબૂત સ્થિતિમાં મૂકી કોંગ્રેસનું સમૂળગું નામું લખી દેવા સુધીની હોઈ શકે, પરંતુ પેલા 'માલવપતિ મુંજ'ના પ્રસિદ્ધ ગીત મુજબ કઓઈના પણ દિવસો હર હંમેશ એક સરખા નથી જતા. એ ન્યાયે મોદીની કરિશ્માનો પ્રભાવ ઓસરી રહ્યો છે અને લોકસભાની આગામી ચૂંટણી સુધીમાં એનડીએના સતત ખરી રહેલા કાંગડા કદાચ એને ખંડેરમાં ફેરવી દે તો નવાઈ ના લાગવી જોઈએ. ધૂમકેતુની જાણીતી ટૂંકી વાર્તા 'વિનિપાત' માં એક યાદગાર ડાયલોગ આવે છે - 'પડે છે ત્યારે સઘળું પડે છે.' એનડીએના કમઠાણમાં શરૂ થયેલ બખડજંતર હવે રોક્યું રોકાવાનું નથી. એક વાર કોઈ નદીના આડબંધમાં નાનું સરખું પણ બાકોરું પડી જાય તો એ સમયાંતરે વધતું જ જતું હોય છે અને એક સમય એવો આવે છે કે રોકી રાખેલો જળજથ્થો જોસભેર ધસમસતો બહાર આવી બધું તહસનહસ કરી મૂકે છે. અટલ બિહારી વાજપેયીના શાસનકાળમાં જે પ્રખર રાજનેતાઓ એનડીએ સાથે ઘટક પક્ષો તરીકે જોડાયા હતા તે પૈકી શરદ પવાર, ફારુખ અબ્દુલ્લા, ચંદ્રાબાબુ નાયડુ, મમતા બેનરજી, લાલુપ્રસાદ યાદવ, માયાવતી, શરદ પવાર કે સ્વ. કરુણાનિધિની ડીએમકે અને વાયકો જેવા નેતાઓની પાર્ટીઓ નરેન્દ્ર મોદી અને અમિત શાહના નેતૃત્વવાળા ભાજપ સાથે ધોળા ધર્મે બેસવા તૈયાર નથી. કાશ્મીરમાં સત્તામાં ભાગીદારી કરવાના ઉદ્દેશથી કરાયેલી મહેબૂબા મુફતી સાથેની દોસ્તીમાં દરાર પડી છે અને તેલુગુ દેશમના નેતાએ સામે ચાલીને છેડો ફાડી દઈ યુપીએ સાથે જોડાવાનું નક્કી કર્યુ છે. ગત વર્ષો દરમિયાન બિહારના રાજકારણમાં નીતીશકુમારની જે ગુલાંટબાજી જોવા મળી તે ભારતીય લોકશાહીની ક્રૂર મજાક નહીં તો બીજું શું છે ? નીતીશકુમારે સત્તા ટકાવી રાખવા મોદીની શરણાગતિ સ્વીકારી લીધી એથી બિહારમાં એમનું કદ ઘટ્યું છે. ચંદ્રબાબુ નાયડુએ મોદીનાં આશ્વાસનોથી મોહભંગ થયા પછી એનડીએનો સાથ છોડ્યો છે. શરદ પવાર તેલ દેખો, તેલ કી ધાર દેખો - વાળી રાજનીતિના ખેલાડી છે, પણ હવે મોદી વિરુદ્ધ ખુલ્લી લડાઈ લડી લેવાના મૂડમાં છે. કોંગ્રેસને માટે એનડીએના ખરી રહેલાં કાંગરા સંજીવની બૂટીની ગરજ સારી રહ્યા છે. જમ્મુ અને કાશ્મીરમાં નાછૂટકે રાષ્ટ્રપતિ શાસન લાદવું પડ્યું છે. એનડીએના સૌથી જૂના ઘટક પક્ષ એ વિચારધારાની રૂએ ભાજપને તદ્દન અનુકૂળ એવી શિવસેના હવે મહારાષ્ટ્રમાં ભાજપ સાથે ગઠબંધન કરવા તૈયાર નથી, બલકે જો કોંગ્રેસ વ્યૂહાત્મક રીતે શરદ પવારને વડાપ્રધાનના ઉમેદવાર તરીકે સ્વીકારવા સહમત થશે તો શિવસેના સાંસદો પવારને ખુલ્લો ટેકો આપશે. આમ તમામ સમીકરણો ઊલટ સૂલટ થઈ રહ્યાં છે, જે ૨૦૧૯ની લોકસભાની ચૂંટણી ટાણે યુપીએની ઊજળી તકોના અણસાર સમી વરતાઈ રહી છે. રામવિલાસ પાસવાન અને એમના સુપુત્ર ચિરાગ પાસવાનનાં નિવેદનો કે કુશવાહાની ક્વિક એકશન સૂચક નથી શું ?

# નારકીય આત્મા



## રંગ-ઉમંગ

કાનન ઓઝા

જો માણસમાં અત્યંત ક્રોધ હોય તો તેમાંથી તેનામાં વેર ઉત્પન્ન થાય છે. વૈરમાંથી દ્વેષ અને દ્વેષમાંથી તિરસ્કાર પ્રગટે છે. તિરસ્કારમાંથી ઘૃણા અને તેમાંથી હિંસા જન્મે છે. ક્રોધ પરાકાષ્ટા એ જવાથી આમ બને છે. સમાજમાં આવું બનતું આપણે નિત્ય જોઈએ છીએ. દૈનિક પેપરોમાં મોટા ભાગના સમાચારો આને લગતા હોય છે. ન ગમતી કે દાયજો માગ્યા પ્રમાણે નહિ લાવતી વહુને સાસુ, સસરો અને ઘરના બીજા સભ્યો કેરોસીન છાંટી ને સળગાવી મૂકે છે. આવા માણસો નર્કમાંથી આ જગતમાં આવ્યા હોય છે. નર્કવાસીઓનું લાખો વર્ષનું આયુષ્ય હોય છે. ત્યા બધા ક્રોધ કરવાવાળા જ હોય છે, એટલે નારકીય ત્યાંથી ક્રોધ લઈને જ આવે છે. 'અત્યંત ક્રોધ કરવો, કડવી વાણી બોલવી, દરિદ્રતા હોવી, સગાં-સંબંધી સાથે વેર-વિરોધ કરવો, નીચ પુરષોનો સંગ કરવો, સંસ્કાર વિનાની નીચા કુળની વ્યક્તિને ત્યાં નોકરી કરવી' આ છ દુર્ગુણો પૃથ્વીલોકમાં જ નરકના દુઃખોનો આભાસ કરાવે છે. જે માણસમાં આ છ દુર્ગુણો હોય છે તે નર્ક જેવા દુઃખો ભોગવવા આ પૃથ્વી ઉપર આવ્યો છે. અર્થાત તે નર્કમાંથી આવ્યો છે. એમ જ જાણવું.

કારેલાની કડવાશ કરવી વાણી આગળ ફીખી પડે, તલવારનો ઘા, વાણીના ઘા આગળ નબળે પડે, માણસ વાણીનો ઘા સહન નથીકરી શકતો, માટે જ શાણા માણસો કહ છે કે 'શિષ્ય પુત્ર કે નોકરની ભૂલ હોય તો તેને પ્રેમથી જ સમજાવજો.' ખૂબી એ છે કે ભજન મંડળી કે મંદિર આશ્રમમાં નિયમિત જનારાની વાણી પણ કડવી હોઈ શકે છે. નરકમાંથી આવેલા માણસોની મીઠું બોલતા ફાવતું નથી. એના વ્યવહારની વાણી તીખી અને કડવી હોય છે. સારા પ્રસંગે પણ એ કટુ વાણી બોલે છે.

આ અભાગ્યો જીવ, મધુર વાણીનો, સારા સંસ્કાર અને સારા વ્યવહારનો દરિદ્ર માણસ ઘરમાં રોજ કજીયા કરે છે. નાની-નાની વાતમાં તેને વાંધો વચકો પડે છે અને ઘરના જોડે કંકાસ કરે છે. કોઈની સાથે સ્નેહથી વરતતા ફાવતું નથી. ઘરનાને પણ એ પણ એ વિમાષણ રહે છે કે આની સાથે કેવું વર્તવ કરવું ? એમ એક ગામમાં ભિક્ષા લેવા ગયા હતા. એક ભાઈ અમને જૈનોના ઘર બતાવવા આવ્યા. એણે ચાર ઘર નજીકથી બતાવ્યા પણ પાચમું ઘર દૂરથી આંગળી કરીને બતાવ્યું. મે તેને કારણ પૂછ્યું તો તેણે કહ્યું : 'એ છે તો મારા મોટા ભાઈનું ઘર પણ પાંચ ફૂટ જમીન માટે માટી સાથે ઝઘડો કરીને, મારા કોઠાર નાનો અને અવગડતા વાળો કરીને લઈ લીધો એટલે ઝઘડો થતા મન ઊંચા થઈ ગયા. હવે એકબીજા સાથે બોલવાના પણ વ્યવહાર નથી. કેટલાક માણસોને બહાર અને ઘરમાં શાંતિ હોય તો ગમતું જ નથી.'

નરકના આ જીવનનું પાંચમું લક્ષણ છે કે 'નીચ પુરુષનો સંગ. તેને સારા સજ્જન સંસ્કારી પુરુષો નથી ગમતા પણ સ્વભાવે દુષ્ટ, હલકા અને દુર્ગુણોથી ભરેલા, હોટલ, લારી, જુગાર અને નશો કરવામાં સાથ આપનારા માણસોનો સંગ ગમે છે. માણસોને નીચ વ્યક્તિનો સંગ ગમે છે.' 'ગગાનું પાણી ગટરમાં નાખવાથી એ ગંદુ અને મલિન બને છે પછી એ પીવાલાયક રહેતું નથી. એ જ રીતે આવા માણસો હલકા આચરણોને કારણે સજ્જન પુરુષો પાસે રહેવા યોગ્ય નથી.

જેનામાં સારા સંસ્કાર ના હોય, સદ્‌ગુણો ના હોય એવી વ્યક્તિઓનો સંગ ના કરાય તેના સંસર્ગમાં ના રહેવાય પણ આવા માણસો પેલા નરકમાંથી આવેલા માણસોને ગમે છે.

આ દુર્ગુણો સમૂળગા દૂર કરી શકાય છે. અને સદ્‌ગુણો ગ્રહમ કરી શકાય છે. કારણ આ દુર્ગુણો એ પ્રકૃતિ છે અને પ્રકૃતિ બહારથી આવેલી હોઈ બદલી શકાય છે, કાઢી શકાય છે. તેનું મુખ્ય સાધનો છે 'ધ્યાન' ધ્યાન સિદ્ધ કરવાના ઘણા સાધનો છે. આત્મજ્ઞાની સત્પુરૂષ પાસે જઈ તેમની આજ્ઞાએ વર્તી, આ સાધનો જાણી, તેનો અમલ કરીને એ સાધના સિદ્ધ કરી શકાય છે.

# સૌર ઊર્જાનું સીધું વિજળીમાં રૂપાંતરણ કોણ કરે છે ?

## વિજ્ઞાન જગત



### ખજાનો

અનિલ પટેલ

૧ નીચેનામાંથી કયો રોગ ચેપી છે ?
(અ) કેન્સર (બ) ડાયાબીટીશ
(ક) સંધિવા (ડ) બળીયા

૨ નીચેનામાંથી કયો રોગ વાઈરસ જન્ય નથી ?
(અ) મેલેરિયા (બ) ઈન્ફલ્યુએન્ઝા
(ક) હડકવા (ડ) એઈડ્સ

૩ સૌથી મોટો બિન પ્રણાલીગત ઊર્જા સ્ત્રોત કયો છે ?
(અ) પવન ઊર્જા (બ) ભૂઉષ્મા
(ક) સૂર્ય ઊર્જા (ડ) બાયોમાસ

૪ વાતાવરણનું સૌથી નજીકનું સ્તર કયું છે ?
(અ) ટ્રોપોસ્ફીયર (બ) સ્ટેટોસ્પીયર
(ક) થર્મોસ્પીયર (ડ) મેસોસ્પીયર

૫ નીચેનામાંથી કયા વાયુને ગ્રીન હાઉસ ગેસ કહેવામાં આવે છે ?
(અ) ઓક્સિજન (બ) નાઈટ્રોજન
(ક) કાર્બન મોનોકસાઈડ (ડ) કાર્બન ડાયોકસાઈડ

૬ સૌર ઊર્જાનું સીધું વિજળીમાં રૂપાંતરણ કોણ કરે છે ?
(અ) ડ્રાયસેલ (બ) કેડમીયમ સેલ
(ક) સોલાર ગેસ (ડ) લેડ - એસીડ બેટરી

૭ બાયોગેસ પ્લાન્ટમાં કયો સળગી શકે તેવો વાયુ નીકળે છે?
(અ) બ્યુટેન (બ) મિથેન
(ક) પ્રોપેન (ડ) સલ્ફર ડાયોકસાઈડ

૮ પેટ્રોલ બીજા કયા નામે ઓળખાય છે ?
(અ) કોલગેસ (બ) ગેલોસીન
(ક) ફૂડ ઓઈલ (ડ) લીકર

૯ નીચેનામાંથી કયા પ્રાણીનું દૂધ સૌથી વધુ પોષ્ટીક ગણાય છે ?
(અ) જરસી ગાય (બ) ઘેટાનું
(ક) ઊંટનું (ડ) બકરીનું

૧૦ ગુજરાતા કયા સ્થળે ન્યુક્લીયર પાવર પ્લાન્ટ છે ?
(અ) કાકરાપાર (બ) તારાપુર
(ક) પાંધ્રો (ડ) ઉકાઈ

૧૧ જાપાનમાં જોવા મળેલો મીનામાતા રોગ કયા કેમિકલના પ્રદૂષણના કારણે થયો હતો ?
(અ) સલ્ફર (બ) સોડિયમ
(ક) મેગ્નેશિયમ (ડ) મર્ક્યુરી (પારો)

૧૨ નેનો ટેકનોલોજી શબ્દ સૌ પ્રથમ કોણે આપ્યો હતો ?
(અ) એરિક ડ્રેક્સલર (બ) લેન્ડી સ્ટીનર
(ક) રોબર્ટ બોઈલ (ડ) સ્ટીફન હોકીન્સ

૧૩ કોપર અને ઝીંકના મિશ્રણથી કઈ ધાતુ બને છે ?
(અ) એલ્યુમિનિયમ (બ) કાંસુ
(ક) પિત્તળ (ડ) ગેલ્વેનાઈઝ

૧૪ કયા ગ્રહ પર સૂર્ય પશ્ચિમ દિશામાં ઉગતો દેખાય છે?
(અ) બુધ (બ) શુક્ર
(ક) ગુરુ (ડ) મંગળ

૧૫ હાઈડ્રોજનની શોધ કોણે કરી હતી ?
(અ) કર્વાન્ડીશ (બ) હેલી
(ક) વોન બેયર (ડ) ઈવા નોવેસ્કી

## વિવિધા

**વિષય : આ સપ્તાહમાં આવતી મહત્ત્વની ઘટનાઓ**

- **૨૧ ડીસેમ્બર :**
  - ભારતના મહાન વૈજ્ઞાનિક ડૉ. વિક્રમ સારાભાઈનું નિધન (૧૯૭૧)
  - એપોલો-૮નું પહેલું માનવયુક્ત યાન ચંદ્ર પર પહોંચ્યુ (૧૯૬૮)
  - પંડિત મહાવીર પ્રસાદ દ્વિવેદીની પુણ્યતિથિ (૧૮૩૮)
- **૨૨ ડિસેમ્બર : રાષ્ટ્રીય ગણિત દિવસ**
  - વર્ષનો નાનામાં નાનો દિવસ - મોટામાં મોટી રાત્રી
  - રામકૃષ્ણ પરમહંસના સધર્મચારીણી શારદામણી દેવીનો જન્મદિવસ (૧૮૫૩)
  - નોબેલ પ્રાઈઝ વિનર ફ્રેન્ચ અને અંગ્રેજી સાહિત્યકાર સેમ્યુઅલ બકેટનું નિધન (૧૯૮૯)
- **૨૩ ડિસેમ્બર : કિશાન દિવસ**
  - પ્રખર રાજનીતિજ્ઞ રાસબિહારી ઘોષનો જન્મદિવસ (૧૮૪૫)
  - ભારતના પૂર્વ વડાપ્રધાન પી.વી. નરસિંહરાવનું નિધન (૨૦૦૪)
  - નેપાળ ગણતંત્ર રાષ્ટ્ર બન્યું (૨૦૦૭)
  - ભોપાલ ગેસ દુર્ઘટના - યુનિયન કાર્બાઈડ ઈન્ડિયા લિ. માંથી ઝેરી ગેસ લીક થયો (૧૯૮૪)
- **૨૪ ડિસેમ્બર :**
  - વાસ્કો ડી ગામાનું નિધન (૧૫૨૪)
  - મહાન પાર્શ્વ ગાયક મોહંમદ રફીનો જન્મ દિવસ (૧૯૨૪)
  - પ્રખર ગાંધીવાદી નારાયણ મહાદેવભાઈ દેસાઈનો જન્મદિવસ (૧૯૨૪)
  - સમાજ સુધારણ અને સંવેદનશીલ સાહિત્યકાર સાને ગુરુજીનો જન્મદિવસ (૧૮૯૯)
- **૨૫ ડિસેમ્બર :**
  - રાજાજીના નામથી જાણીતા ચક્રવર્તી રાજગોપાલાચારીનું નિધન (૧૯૭૨)
  - કુરિવાજો અને અંધશ્રદ્ધા દૂર કરવામાં ફાળો આપનાર દુર્ગારામ મચ્છારામ દવેનો જન્મ દિવસ (૧૮૦૯)
  - ભારત ભૂષણ મદનમોહન માલવીયાની જન્મજયંતિ (૧૮૬૧)
  - ભારતના પૂર્વ વડાપ્રધાન અટલ બિહારી વાજપેયીનો જન્મદિવસ (૧૯૨૪)
- **૨૬ ડિસેમ્બર :**
  - પ્રસિદ્ધ સાહિત્યકાર યશપાલજીનું નિધન (૧૯૭૬)
  - શીખોના ગુરુ ગોવિંદસિંહનો જન્મદિવસ (૧૬૬૬)
  - એફ.એમ. રેડિયોને આજના દિવસે પેટન્ટ મળી. (૧૯૩૩)
  - તારક મહેતાનો જન્મ દિવસ (૧૯૨૯)
- **૨૭ ડિસેમ્બર :**
  - ઉર્દૂ શાયર મીર્ઝા ગાલિબનો જન્મ દિવસ (૧૭૯૭)
  - અંતરિક્ષ યાન એપોલો પૃથ્વી પર પાછું આવ્યું (૧૯૬૮)
  - રાષ્ટ્રીય જન મન ગણ પહેલીવાર જાહેરમાં ગવાયું (૧૯૧૧)
  - પાકના પૂર્વ વડાપ્રધાન બેનઝીર ભુટ્ટોની હત્તા (૨૦૦૭)

### ગત સપ્તાહના સવાલનો જવાબ

**તેલંગાણામાં કયા ટીઆરએસના નેતાએ પ્રચંડ બહુમતી સાથે રાજયમાં ફરી સરકાર બનાવી? જવાબ : કે. ચંદ્રશેકર રાવે**

### સાચા ઉત્તર આપનાર પત્રમિત્રો

(૧) ઋજિત એમ. રાવલ : સે-૭ડી (૨) પંકજ આર પ્રજાપતિ : ઉવારસદ
(૩) મહેશ જાદવ : ગૂજરાત વિદ્યાપીઠ (૪) મૂળજીભાઈ પરમાર : સે-૭બી
(૫) રૂચિત એમ. પટેલ : ધોળેશ્વર પાસે (૬) નટુભાઈ દરજી : પેથાપુર
(૭) હાર્દિક એન. ભટ્ટ : સે-૨૪ (૮) જયેન્દ્ર પ્રસાદ પાઠક : ઈન્ફો.જુ.સા. કૉલેજ


### આ સપ્તાહનો સવાલ (જવાબ એક સપ્તાહમાં મોકલો)

**તાજેતરમાં ભાજપના કયાં બે દિગ્ગજ મહિલા નેતાઓએ લોકસભા ચૂંટણી નહીં લડવાનો નિર્ધાર કર્યો છે?**

**'ગાંધીનગર સમાચાર'- ખજાનો વિભાગ**

**બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮ ગાંધીનગર**

# હાથોહાથ - આપ્યો હાર



**માગશર સુત સાતમનો દિવસ જૂનાગઢના પ્રજાજનો માટે અવિસ્મરણીય બની રહ્યો. એ વખતે ન્યાયપ્રિય રાજા રા'માંડલિકનું શાસન હતું. એના રાજયમાં ભક્તકવિ નરસિંહ મહેતા (ઈ.સ. ૧૪૧૪-૧૪૮૦) હતા.**

**એની દીકરી કુંવરબાઈની જે રીતે પહેરામણી થઈ. એનાથી એની પ્રસિદ્ધિમાં વધારો થયો. પરંતુ કેટલાક ઈર્ષાળુ ખટપટીયાઓ ને ન ગમ્યું. તેઓ રાજયના કારભારીઓ હતા. તેમાં બે મુખ્ય હતા. સારંગધર અને અનંતરાય. સારંગધર એની જ્ઞાતિનો અગ્રણી હતો. અનંતરાય એનો મામો હતો.**

**એમણે રાજા પાસે ફરિયાદ દાખલ કરી.**

**(૧) નરસિંહ ઢોંગી છે. રાતભર ભજનકિર્તન કરે. પણ અનાચાર ફેલાવે. નગરની મહિલાઓનું વશીકરણ કરે. એમાં અનંતરાયની પત્ની પણ આવી જાય અને ગણિકા ચંચલા પણ આવી જાય.**

**(૨) એની પાસે ચમત્કારો જેવું કશું નથી. એ જાદુગરી છે. આ સારંગધરને સાપ કરડ્યો. તો ખાલી પાણી છાંટીને એનું ઝેર ઉતારી નાખ્યું.**

**(૩) એનામાં જ્ઞાન જેવું કશું છે જ નહિ. શાસ્ત્રાર્થમાં આ ત્રણ સામાન્ય માણસોને પણ હરાવી શકે એમ નથી.**



### અમર વારસો

ડૉ. રશ્મિકાન્ત મહેતા

**રાજા ન્યાયપ્રિય હતા. એણે નરસિંહને ખુલાસાની તક આપી :**

**(૧) ભજનકીર્તન તો શ્રીહરિનો દરબાર છે. એમાં કોઈ આવે, તો કેમ અટકાવી શકાય ? આવે અને હરિકીર્તન કરે.**

**(૨) આ ચમત્કારો છે જ નહિ. આ તો ઓચિંતી મારા પર વરસતી શ્રીહરિની કૃપા છે.**

**(૩) હું તો છું જ અજ્ઞાની. સર્વજ્ઞ તો એકમાત્ર છે શ્રી હરિ. આમાંનું કોઈ જ્ઞાની નથી.**

**રાજાએ કહ્યું, 'નરસિંહ, મને પોતાને તારામાં શ્રદ્ધા છે; પરંતુ ફરિયાદ છે, તો નિકાસ કરવો પડે. તું આ પુષ્પહાર લે.રાધાકૃષ્ણના મારા મંદિરમાં ચાલ. તું શ્રી હરિને હાર પહેરાવ. તું બહાર આવી જા. હું મંદિરને તાળું મારું. ચાવી મારી પાસે રાખું. કાલ સવાર સુધીમાં આ હાર તારા ગળામાં આવી જાય, તો તું સાચો. નહિતર રાજદંડ માટે તૈયાર રહે.'**

**નરસિંહે સૂચનાનું પાલન કર્યું. હાર પહેરાવ્યો. મંદિરની બહાર બેસી ગયા. એનું સંકટ હવે વધી ગયું. એ કાદર રણમાં ભજન ગાય અને શ્રીહરિ હાજર થાય. પરંતુ એક દુઃખિયારા બ્રાહ્મણને સાંઈઠ રૂપિયા આપ્યા હતા. એ રૂપિયા એણે શેઠ ધરણીધર મહેતા પાસેથી, રાગ કેદારો આપીને ગીરવે લીધા હતા. એ રાગ ગાઈ શકે તેમ ન હતા.**

**શ્રીહરિ હવે ઊઠ્યા. એમણે નરસિંહનું રૂપ લીધું. અર્ધી રાતે ધરણીધરને ઘરે પહોંચ્યો. સાંઈઠ રૂપિયા આપ્યા. ગીરોખત અને વસૂલાતના પત્ર લીધા. અદશ્ય રહીને નરસિંહના ખોળામાં મૂકી દીધા. નરસિંહે કેદાર રાગમાં ગાયું -**

**કેટલી વેળા થઈ કરગરું, કૃષ્ણજી? શું કહું શામળા, વારે વારે ?**
**નરસૈંયાના સ્વામી આવો ઊતાવળા. તુજ વિના ભક્તને કોણ ઉગારે ?**

**ભજન પૂરું થયું. સૂર્યનું પ્રથમ કિરણ રાજમંદિરના દ્વાર ઉપર પડ્યું. તરત જ તાળું ખૂલ્યું. સાંકળ ખૂલી, બારણાં ખૂલી ગયા. શ્રીહરિની પ્રતિમામાંથી તેજોવલય નીસરયું. એ નરસૈંયા પાસે આવ્યું. તેજોવલયમાંથી શ્રીહરિ પ્રગટ્યા. એમણે પોતાના કંઠણાંથી હાર ઊતાર્યો અને પોતાને હાથે નરસિંહને પહેરાવી દીધો!**

**સારાંશ એટલો જ - પરિસ્થિતિ ગમે તેવી વિકટ હોય, ઈશ્વર પ્રત્યેની શ્રદ્ધા ડગવા ન દેવી. હારમાળાના પ્રસંગનો આ શુભસંકેત છે.**